## મે.ધોળકાના એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,

## મુ: ધોળકા.

**<u>ક્રિમીનલ કેસ નં. ૧૩૮/૨૬</u>**

**આંક:**

ફરિયાદી:- ધી સ્ટેટ ઓફ ગુજરાત

**:: વિરુધ્ધ ::**

આરોપી:- કિરણભાઈ ભરતભાઈ ઠાકોર

રહે: કેલીયાવાસણા, ટેકરાવાળો વાસ, તા.ધોળકા, જી. અમદાવાદ

**આરોપ : -મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ તથા પ્રોહીબીશેન એકટની કલમ - ૬૬(૧)બી મુજબ**

(૧) આજ રોજ નામદાર નેશનલ લીગલ સવિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશીયલ સીટીગ રાખેલ છે.

(૧.૧) આ કામના આરોપીઓ સામે ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે, તા.૦૩/૧૨/૨૦૨૫ ના રોજ દારુ પીધેલ હાલતમા હંકારેલ હોઈ. જેથી ધોળકા રુરલ પો.સ્ટે.માં મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ મુજબનો ગુનો નોંધાવતા,આરોપીઓ વિરુધ્ધ ગુન્હો નોંધી તપાસના અંતે પુરતો પુરાવો મળા આવતા આ કામે ચાર્જશીટ રજુ કરવામાં આવે છે.

(૨) આરોપી આજ રોજ તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામા આવેલી છે અને આરોપી ની પ્લી નોંધવામાં આવેલ છે. અને આરોપી ગુનો કબુલાત કરવા માંગતા હોય કબૂલાત પુરશીશ આપી તેની સામેનો ગુન્હો કબૂલ કરવા રજુઆત કરેલ છે.કબુલાત પુરસીસ વંચાણે લેતા, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતા, આરોપીઓ ગરીબ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં માત્ર એક જ કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળા ઈસ્મ હોવાનુ જણાઈ આવે છે. અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે. તેમજ તેનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે. અને જો ઓછી સજા અને દંડ કરવામાં

આવે તો સમાજમાં માન– મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે.તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનુ છું. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ઘ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્ર પણે માનુ છુ.અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–::હુકમ::–**

(૧)– આ કામના આરોપીઓને બી.એન.એસ.એસની કલમ– ૨૭૫ મુજબ મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ તથા પ્રોહીબીશેન એકટની કલમ ૬૬(૧)બી મુજબના ગુના માટે કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે તથા આરોપીને **રૂ.૨૧૦૦/–(અંકે રૂપિયા બે હજાર એક સો પુરા)**પુરાનો દંડ ભરવાનો સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તે બદલ દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ૧૪ મી માર્ચ સને ૨૦૨૬ ના રોજ **સ્પેશીયલ સીટીગ /લોક અદાલત** માં ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

**તારીખ:–૧૪/૦૩/૨૦૨૬** **( બી.એમ.ગઢીયા)**

સ્થળ: ધોળકા. **એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ,ધોળકા.**

**Judge Code No-GJ01176**